પ્રથમ આવૃત્તિ

જુન ૨૦૧૯ થી જાન્યુ. ૨૦૨૦

# વિદ્યાધામ

## E- MAGAZINE



तत्कर्म यन्न बन्धाय सा विद्या या विमुक्तये ।
आयासायापरं कर्म विद्यान्या शिल्पनैपुणम् ॥

College Code
4102008

## SHRI V. J. MODHA COLLEGE

(Affiliated to Bhakta Kavi Narsinh Mehata University - Junagadh)
Managed by : Shri V. J. Modha Educational & Charitable Trust - Porbandar
"Vidhyadham", Chhaya-Birla Road, Near Pakshi Abhiyaran, Porbandar - 360 575
Ph: (0286) 2211121 / 22 Fax : 2247778 Mobile : 9978818009, 99253 18009
website : www.shrivjmodhacollege.com email : admin@shrivjmodhacollege.com

## તંત્રીલેખ

આ સાથે અમો ''વિદ્યાધામ E- MAGAZINE '' આપની સામે રજુ કરી રહયા છીએ. વિદ્યાધામ એટલે જયાં વિદ્યા મેળવવાનું સ્થાન બની રહે કે જયાં સંસ્કૃતિ, સંસ્કાર અને કલાનો સમન્વય.

''વિદ્યાધામ E- MAGAZINE'' એક એવી સફર છે જયાં સંસ્કૃતિ અને શિક્ષણનો સમન્વય થાય છે. આ પુસ્તીકા દ્વારા અમે અમારી કોલેજ માં થતી તમામ બાબતોને આવરી લીધેલ છે. આ ઉપરાંત શિક્ષકો તથા વિદ્યાર્થીઓની કૃતિઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે જેથી સર્વેને તેમની મૌલિકતા પ્રગટ કરવાનું માધ્યમ બની રહે તેઓ એક સુંદર પ્રયાસ કરવામાં આવેલ છે.

આ પુસ્તીકાનું દરેક પાનું માહિતી સભર હશે અને પ્રેરણાબળ પુરૂં પાડનારૂ હશે.



# સંપાદકિય મંડળ

## મુખ્ય સંપાદક



શ્રી પરેશભાઈ સવજાણી



શ્રી દર્શનભાઈ શેઠ

## વ્યવસ્થાપક તંત્રી



શ્રી વિશાલભાઈ પંડયા

## સંપાદક



આસી. પ્રો. મીત રાવલ



આસી. પ્રો. વિરલ ચાવડા

## લેખન અને તથ્ય તપાસક



આસી. પ્રો. નિધિ કોટેચા



આસી. પ્રો. અશ્વિની સોનીગ્રા

# કોલેજનો પરિચય

## તમારી સફળતા એ જ અમારો વારસો

શ્રી વી. જે. મોઢા એજ્યુકેશનલ અને ચેરીટેબલ ટ્રસ્ટ, પોરબંદર દ્વારા વર્ષ ૨૦૦૭ માં શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી કે જે કોઈ પણ જાતી કે ધર્મનો ભેદભાવ રાખ્યા વગર દરેક વિદ્યાર્થીઓના જીવનઘડતરનો માર્ગ ખોલે છે તેમજ નમ્ર અને વ્યવહાર તરફ વિદ્યાર્થીઓના ઉછેર કરે છે, વર્ષ ૨૦૦૭માં BCA શાખામાં ૪૫ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ જે સંસ્થા આજે ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું વટવૃક્ષ બનતું જાય છે.

સમયના સથવારે બધુ જ બદલતું જાય છે અને તેને અનુરૂપ અમારી કોલેજ તથા તમામ સ્ટાફગણ તેની સાથે પુરતું જ્ઞાન મેળવી અને પોતાનામાં વિકાસ સાધતાં રહે છે.જેથી વિદ્યાર્થીઓ પણ આ આધુનિક સમય સાથે પોતાની જાતને સારી રીતે કંડારી શકે. " વિદ્યાધામ" રૂપી કોલેજમાં વિદ્યાર્થીઓ વિદ્યાનું જ્ઞાન મેળવવાની સાથે વિનયી પણ બને તેના પર પણ ધ્યાન દેવાય છે.

**અમારા હેતુઓઃ**


- ઉચ્ચશિક્ષણમાં શિક્ષણ અને સંશોધનને મહત્વતા આપીને શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનાવવા કાર્યરત છે.
- વિદ્યાર્થીઓને વૈશ્વિકસ્તરે પોતાનું કૌશલ્ય રજુ કરી શકે તેવા સક્ષમ બનાવવા જેથી તેઓ આજના યુગ સાથે તાલ મેળવી શકે.
- વિદ્યાર્થીઓના ધ્યેયની ઉડાન માટે હંમેશા તાલ મેળવી તેમજ તેઓની સુશુપ્ત શકિતઓને બહાર લાવવી
- વિદ્યાર્થીઓ પોતાના પરિવાર, સમાજ અને દેશની ફરજ સારી રીતે નિભાવી શકે તે માટે જ્ઞાન તેમજ સંસ્કારોનું યોગ્ય રીતે સિંચન કરવું.

ઉપરોક્ત ધ્યેયો અને હેતુઓથી જ અમારી કોલેજ વર્ષ ૨૦૦૭માં **BCA** શાખાની સાથે **PGDCA**, ત્યાર બાદ ઉત્તરોતર વર્ષ ૨૦૧૧માં **M.Sc.(IT)**, વર્ષ ૨૦૧૨માં **BBA / B.Com / BSW**, વર્ષ ૨૦૧૩ માં **B.Sc**, વર્ષ ૨૦૧૭માં **M.Com / M.Sc. (Chem)** ની શરૂઆત કરવામાં આવી. આમ વિવિધ વિદ્યાશાખાઓથી આ વૃક્ષ આજે ઘટાદાર બની ગયેલ છે અને શિક્ષણ ક્ષેત્રે પોતાનો છાયડો પાથરી રહયું છે. આવનારા ભવિષ્યમાં પણ વિદ્યાર્થીલક્ષી કાર્યો કરતાં રહીશું અને તેમને સફળતાના શિખરો સર કરાવતા રહેશું.

વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસ કરી પોતાની કારકિર્દીલક્ષી બને તેવા ઉદ્દેશથી વર્ષ ૨૦૧૨ માં **Placement Cell** ની પણ શરૂઆત કરેલ જે પ્રવૃતિ દ્વારા આજ સુધી ઘણા વિદ્યાર્થીઓને અભ્યાસ બાદની કારકિર્દી વિશે માહિતી અને રોજગારી મેળવવામાં મદદરૂપ થાય છે.

**– શ્રી વિશાલભાઈ પંડયા**
એકેડેમીક હેડ





## માનનીય પ્રમુખશ્રી ના આશીર્વચન

નમસ્કાર...

જ્ઞાન શકિત છે અને આ શકિતથી હું કલ્પના કરી શકું છું કે આપણા રાષ્ટ્રનું ભવિષ્ય હાલમાં વર્ગખંડોમાં નિર્માણ થઈ રહયુ છે અને આજના વિદ્યાર્થીઓ જ આપણા રાષ્ટ્રના નિર્માતાઓ છે. આવા નિર્માણ માટે અમારી કોલેજ શ્રી વી. જે. મોઢા કોલેજ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એ પ્રારંભથી જ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરે છે. સમયતો એક પંખી માફક પાંખ ધરાવે છે જે સતત ઉડયાં કરે છે. અમે ગુણવતાયુકત શિક્ષણમાં માનીએ છીએ તો હાલના સમયે આધુનિક શિક્ષણ પધ્ધતિ પર નજર રાખવાનો છે, જે ગુણવતાયુકત શિક્ષણને વધુ પ્રબળ બનાવે છે તથા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવું નવીનકરણ લાવી તેના દ્વારા દરેક વિદ્યાર્થીઓની સાથે સફળ નાગરીક બને તેવા પ્રયાસો કરીએ છીએ. આ માટે મારા આશીર્વાદ સદાયને માટે તેઓની સાથે છે. તેમજ ઈશ્વર તેમના જીવન ઘડતરમાં તેમને તમામ સહાયતાઓ પૂરી પાડે તેવી પ્રાર્થના.

વંદે માતરમ્

– શ્રી વલ્લભભાઈ જે. મોઢા



## માનનીય ટ્રસ્ટીશ્રીઓનો સંદેશો

નમસ્કાર...

સતત પરિવર્તનશીલ સમયની માંગ મુજબ શૈક્ષણિક નિર્માણ માટે જ્ઞાન તેમજ સમાજમા તેમની નોંધપાત્ર ભૂમિકા નિભાવવા માટે શિક્ષણ જગતમાં શ્રી વી.જે. મોઢા કોલેજ ચાવીરૂપ બની છે. **''શિક્ષકો રાષ્ટ્રના નિર્માતાઓ છે''** અને વિદ્યાર્થીઓ સમાજના એક આદર્શ નાગરિક બની રહે તે માટે પૂરતુ જ્ઞાન, યોગ્ય આદતો, વલણ અને મૂલ્યોથી સુસજજ કરવાનો પ્રયત્ન કરીએ છીએ, જેથી વિદ્યાર્થીઓમાં સંચાલકીય, નૈતિકતા અને સામાજીક મૂલ્યોનું નિરૂપણ થાય તેવા શુભ આશયથી અમો હંમેશા તત્પર રહીએ છીએ.

જય હિન્દ

સર્વે ટ્રસ્ટીગણ વતી,

– શ્રી અશોકભાઈ વી. મોઢા

## પ્રિન્સીપાલશ્રીના પ્રેરણાદાયક શબ્દો...



કોઈપણ શાળા અને મહાવિદ્યાલય (College)માં શૈક્ષણિક અભ્યાસ ભણાવવામાં આવે, પરિક્ષાઓ પૂર્ણ કરવામાં આવે, માત્ર તે જ પૂરતું નથી સાથે-સાથે, વિદ્યાર્થીઓને જીવનપથમાં ઉપયોગી વ્યવહારુ જ્ઞાન પણ આવે, તે માટે સમાજમાં શૈક્ષણિક સંસ્થાઓની નૈતિક જવાબદારી બને છે. કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પોતાનું કૌશલ્ય નિખારી શકે તેવા દરેક કાર્યમાં હંમેશા અગ્રેસર રહેતી અમારી સંસ્થા શ્રી વી.જે. મોઢા કોલેજ વિદ્યા સાથે આજના આધુનિક સમય સાથે તાલ મેળવતું E-Magazine શરૂ કરીયું છે તે ગૌરવની વાત છે.આજના આધુનિક યુગમાં Whatsapp, Facebook, Google વગેરે network ની માયાજાળ ધરાવતી અદ્યતન દુનિયામાં E-Magazine ની રજૂઆત કરી અને મૌલિકતા પ્રગટ કરવાનું ખૂબ જ ઉપયોગી માધ્યમ બની રહેશે તેમાં કોઈ શંકા નથી. આ સાથે નાનકડા બીજ સ્વરૂપે શરૂ કરેલ સુંદર કાર્ય ભવિષ્યમાં વટવૃક્ષ બની, કોલેજના સૌ વિદ્યાર્થી તથા સ્ટાફ મિત્રોને અભિવ્યકિતનું મજબુત માધ્યમ બની રહે તેવી આશા રાખું છું. આ E-Magazine માં વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો પોતાના વિચારો, પોતાની મૌલિક કૃતિઓ વગેરે રજુ કરી શકે તો કોલેજમાં થતી અલગ અલગ સામાજિક પ્રવૃતિની પણ રસપ્રદ માહિતી મળશે.

**– શ્રી પરેશભાઈ બી. સવજાણી**



## ડાયરેકટરશ્રીના પ્રેરણાદાયક શબ્દો...

આજના આધુનિક યુગમાં અમારો હેતું કૌશલ્ય યુકત સમુદાય બનાવવો છે, જયાં શિક્ષક અને વિદ્યાર્થીઓ પરસ્પર પ્રરેણાદાયી શિક્ષણની પ્રક્રિયાનો ભાગ બની શકે. શીખવાની પ્રક્રિયા શોધ અને પછી તેને પરિણામ તરફ દોરી જાય છે. અમે પ્રયાસ કરીએ છે કે વિદ્યાર્થીઓમાં પડેલી તેમની આવડત અને કૌશલ્યો માત્ર વર્ગમાં નહીં પરંતુ વર્ગની બહાર પણ ખીલવીએ, જેથી વિદ્યાર્થી માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં પરંતુ વ્યવહારુ અભિગમ કેળવે અને ડિગ્રી મેળવ્યા બાદ આ હરીફાઈ અને આધુનિક યુગ સાથે તાલ મેળવીશકે. સમય ખૂબ જ ઝડપી રીતે બદલાય રહયો છે.આજ વિવિધ ક્ષેત્રોનો વિકાસ ચરમ સીમા પર પહોંચી ગયેલ છે તથા વિવિધ ક્ષેત્રોમાં ક્રાંતિ થઈ રહી છે. કમ્પ્યુટર, ટેક્નોલોજી અને માહિતિસંચાર ક્ષેત્રે દિનપ્રતિદિન અવનવા સંશોધનો થતાં તે બદલાવની સમગ્ર કેળવણી મેળવી અને પોતાનું આવનારું વ્યાવસાયિક જીવન સારી રીતે ઘડી શકે તેવા નકકર પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે અથાગ પ્રયાસોથી, અમને વિશ્વાસ છે કે તેઓ આવનારા પડકારો માટે તૈયાર થઈ જશે. જે માટે વિદ્યાર્થીઓને જરૂરી તમામ મદદ માટે અમારો સ્ટાફગણ હંમેશા તૈયાર હોય છે તથા અંગત રસ દાખવે છે. અમે વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણને મદદરૂપ થાય તેવા વિવિધ પ્રોજેકટો તથા ઈત્તરપ્રવૃતિ પર પણ ભાર મૂકીએ છે. આથી જ વિદ્યાર્થીઓની લેખન અને વાંચનના શબ્દો રૂપી તલવારની ધાર ખૂબ જ મજબૂત બને અને તે સારી રીતે માહિતીસંચાર કરી શકે. અમે અમારા વિદ્યાર્થીઓને વિચારવંતો રાખી અને તેમની સર્જનાત્મક શકિતનો વિકાસ કરી અને તેને એક ઉત્તમ નાગરીક બનાવવાનો પ્રયાસ કરીએ છે.

**– શ્રી દર્શનભાઈ જે. શેઠ**

# ગુરૂજીની કલમે...

## उतना ही काफी है

मंजिल को पाने की चाह मे,
मै निकल पडा अपनी राह मे,
राह मे मिली मुजे  एक भीड,
इस भीड मे, मै एक नेक रास्ता बना पाउ,
उतना ही काफी है ।

तुफानो सा है मंजर,
निराशाओ का हे बवंडर,
बस इन्ही  बवंडरो के बीच;
कीसी बुजते हुअे दीये की लौ बन जाऊ,
उतना ही काफी है ।

हे मेरे दोस्त हजार,
और उन्ही पे हे मुजे बेहद प्यार,
बस इन्ही दोस्तो के चेहरे की हसी बन जाऊ,
उतना ही काफी है ।

दुनिया मे हे बडे बडे दरिया और उन्ही मे मिलती हे
कइ नदिया,
कोइ नदिया तो नही लेकिन एक झरना बनकर
किसी की प्यास बुजाऊ,
उतना ही काफी है ।

जीना थोडा है, क्यो किसी से बैर करू,
थोडे लम्हो को लेकर जीवन की सैर करू,
नही जचती मुजे ये दोलत और सोहरत की दुनिया,
बस अपनो की बस्ती मे एक याद बन जाऊ,
उतना ही काफी है ।



– આસી. પ્રો. મીત રાવલ

## મિત્ર બનવાનો મર્મ

હે મિત્ર હું તને પ્રેમ કરું છું માત્ર એટલા માટે નહીં કે તું તું છે.  પણ તારી સાથે હોઉં ત્યારે હું જે હોઉ છું એટલા માટે પણ, હું તને પ્રેમ કરું છું તે તારી જાતને જે રીતે આકારી છે એટલા માટે જ નહીં, પણ તું મને જેવા ઘટયા કરે છે એટલા માટે પણ હું તને એટલા માટે પ્રેમ કરું છું કે તે મને એક સારો જીવ બનાવવા માટે.. કોઈ પણ સંપ્રદાય જે કઈ કરી શકયો હોત એના કરતાં તે મારા માટે વધારે કર્યું છે તું આ સાધે છે તે પોતાપણું જાળવીને
અંતે તો,
મિત્ર બનવાનું મર્મ જ આ છે.

મિત્ર એક એવી વ્યકિત છે જે આપની ગરજે આપણને નથી મળતો. એતો સંબંધ વિનાનો સંબંધ છે.જયાં મળવાનું અગત્યનું નથી છતાં મળવાનું વારંવાર મન થાય છે. એવા ખૂણા છે મૈત્રી અને મિત્ર જેની પાસે હૈયા અને ફુલોની પાંખડીઓની જેમ ઉઘાળવાનું મન થાય છે. હળવા થવાનું જેને સરનામું નથી પૂછવું પડતું પણ જેનાથી હળવા થવાનું સરનામું શરૂ થાય છે તે જ મિત્ર. મૈત્રીમાં બોલવાનું ઓછું અને વહેવાનું વધારે હોય છે. મિત્ર જાણે અજાણે શિલ્પીની જેમ આપણને ઘડતો હોય છે. મિત્ર આપની વફાદારીને સંબંધના નિયમમાં જોખીને સરવાળા કે બાદબાકી નથી કરતો, માત્ર એક સંપ્રદાયે જે કામ કરવાનું હતું તે મિત્ર આપણને "માણસ" બનાવીને કરતો હોય છે.
બસ આ જ મિત્ર બનવાનો મર્મ છે.



– આસી. પ્રો. અશ્વિની સોનીગ્રા

# I want to be a little kid again

I want to live it all again without any worries of life
I want to learn it all again without the fear of being hated for not learning it perfectly
I want to be a little kid again.

I want to shout out loud without any worries of being scolded for making a loud noise
I want to laugh out freely with all my heart when I am happy
I want to burst out in tears without being told that you should learn to hide your pain when something hurts
I want to be a little kid again.

I want to be that little kid who knows no worries, no tears or huge fear of life
I want to live all those little cute moments again without fear of life
I want to be a little kid again.

I want to fly just like the bird flies in the sky without being worried with its wings open wide
I want to be that cute messy kid where no looks matters
I want to be that adorable kid where I am not judge for being moody, rude or just doing whatever I like
I want to be a little kid again.

I want to all the colours again and get lost in the world of colours again
I want to hear all those imaginary fairy stories that make me create my own imaginary fairy land
I want to be a little kid again.

I want to spend my mornings watching the sunrise every morning
I want to spend my nights watching the moon and stars shinning bright
I want to be a little kid again.

I want to start my mornings with going to school again
I want to spend my entire evening just playing with friends without worrying about the future.
I want to be a little kid again.
I want to be a little kid again.



**Ishita Kotecha - "Khanak"**
MSc IT Sem 2



# વિદ્યાર્થીઓનો કલરવ...(૦૨)

## પ્રયત્ન

હાથ તારો બાંધી. કયાં કોઈએ રોકયો તુજને,
પ્રયત્ન શા માટે છોડયો, જરા સમજાવ તો મુજને,

આ ઘડી તું શા ને ઉદાસ બેઠો છે?
પ્રયત્ન કરીશ તો સાથે પ્રભુ સાક્ષાત બેઠો છે.

એક વાર નિષ્ફળ ગયો તો શું થયું...
પ્રયત્ન થી સફળતાનો છેડો કયાં છેટો છે!

પરિશ્રમ થી જ પરિણામ છે, ભુલ નહિ આ વાત ને,
જો પછી કેવી મળે સફળતા તારી આ શરૂઆતને.

પ્રમાદ તારો શત્રુ છે, એ વાત કદી ભુલતો નહિ,
ભલે મળે નિષ્ફળતા, તું સંઘર્ષ કદી ચૂકતો નહિ.

અપનાવિશ જો સંઘર્ષ અને પ્રયત્ન નો સહકાર તું,
તો ઝીલી શકીશ જીવન નો કોઈ પણ પડકાર તું.



– દાવડા કિશન – ''અવકાશ''
બી.કોમ. સેમ. ૪

## સમય

સમય, કાલ કોઈ નો, હતો, આજ કોકનો છે અને આવતી કાલે કોઈ બીજા નો હશે. સમય માથાની પાછળ પડેલી ટાલ જેવો હોય છે, આપણે માથા પર હાથ ફેરવતા એમ લાગે છે કે વાળ છે હજુ, પણ હકીકતે પાછળ કઈપણ હોતુ નથી. તેમજ સમય નુ પણ એવુ જ છે. નકકી કરેલા કામ કરવામા વિલંબ થાય તો બધું જતું રહે છે અને જો કામ નિયત સમયે થાય તો સમય નુ પણ માન જળવાય છે. પૃથ્વી પરનુ કશું જ એવુ નથી કે જે કાયમી છે. જેનો જન્મ થયો છે તે મૃત્યુ પામવાનો જ છે, જેનુ સર્જન થયુ છે તેનુ વિસર્જન થવાનુ જ છે, જેની ઉત્પતિ થઈ છે તેનો નાશ પણ અવશ્ય થશે જ અને જે કંઈ પણ મળ્યું છે એને કયારેક તો ગુમાવવું જ પડશે. હા સમય બધાને મળે જ છે, જોકે તેનો કોઈ ચોકકસ ખ્યાલ ના આવે કે કયાં છે, કેવો દેખાય છે, કયારની રિટર્ન ટિકીટ લઈ ને આવ્યો છે, કયારે પરત ફરશે. જો માણસ ધારે તો કોઈ પણ રીતે અને કયાંય પણ પોતાનામાં ધાર્યા મુજબ નું પરિવર્તન લાવી શકે છે, પણ જેને કાંઈ કરવુ જ નથી તેના માટે તો વર્ષો પણ ઓછા જ ને. '' જયારે પોતાનામાં હકારાત્મક પરિવર્તન આવે ને તેને સમય કહેવાય '' આપણે બોલતા તો હોઈએ છીએ કે મારો પણ સમય આવશે અરે ભાઈ તેને કોણ ટ્રેન કે પ્લેન ની ટિકીટ લઈ આપવાનો? સમય ભલભલાં ને બદલી આપે છે. સમય અને પરિસ્થિતિ બંને ને એકબીજા થી છુટા ના પાડી શકાય. જો સમય લાવવો જ હોય તો કોઈપણ પરિસ્થિતિ અનુકૂળ હોવી જ જોઈએ અને પરિસ્થિતિ અનુકૂળ બનાવવી હોય તો સમય કાઢવો જ પડશે. જીવનના ઘણા પ્રસંગો એવા હોય છે કે જયાં ખુબજ પ્રતિકુળ પરિસ્થિતિ હોવા છતાં પણ તેને અનુકૂળ બનાવીને પણ સફળતા મળે. હાલ નું જ ઉદાહરણ લઈએ તો રેલ્વે સ્ટેશન પર પોતાનું ગુજરાન ચલાવતી સ્ત્રી રાનું મોંડલે તેના ટેલેન્ટ ના આધારે અત્યારે ઘણુ મેળવી ચૂકી છે. હા, જો આવડત અને આવડતને બહાર લાવવાનું લક્ષ્ય રાખીએ તો કદર કરવા વાળા તો ઘણા મળી રહેશે. આ સમયે તેણી એ જાતે સમયનું સર્જન કર્યુ અને પરિણામ આપની સમક્ષ છે. '' સમય બધા ને મળે છે પોતાનુ જીવન સુધારવા, પરંતુ જીવન પાછું નહિ મળે સમય સુધારવા'' સમય એટલે એ પુષ્પ કે જેને ખીલતું જોવા માટે સતત પાણી પીવડાવવા રૂપી મહેનત કરવી પડે.

# IT (Information Technology) Corner

સૌ જાણે છે કે આજના આધુનિક જીવનમાં દરેક ડગલે ને પગલે આપણે Digital બની રહયા છીએ. કદાચ, કોઈ ન ઈચ્છે તો પણ તે આ સમયના પરિવર્તનથી વંચિત રહી શકે તેમ નથી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી દ્વારા આજનું સામાજિક જીવન અને આર્થિક માપદંડો બદલાય રહયા છે.

આધુનિક સમયમાં જે દેશ જેટલા પ્રમાણમાં ટેક્નોલોજીની દ્રષ્ટિએ સધ્ધર હોય તેટલા પ્રમાણમાં તેને વિકસિત માનવામાં આવે છે. આજના વૈજ્ઞાનિક યુગ યુધ્ધો હાથી.,ઘોડા કે માણસોથી નથી લડવામાં આવતાં, પણ ટેક્નોલોજીનો સહારો લેવા પડે છેટેંકો.,મિસાઈલો, રોકેટ, ફાઈટર વિમાન, હેલિકોપ્ટર વગેરેના દ્વારા આજે યુધ્ધો લડવામાં આવે છે બોમ્બ., અસ્ત્રશાસ્ત્રની મદદથી વિમાન હુમલો ન કરે તે માટે રડારનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, આપણી સુરક્ષા માટે આપણે નીતએટલું જ ટેક્નોલોજી ઉપર આધાર રાખીએ છીએ નવી નહીં ઉપગ્રહ, રોકેટથી આપણે આપણા દેશની બીજા દેશો સામેની સુરક્ષા માટેની જાણકારી પણ મેળવીએ છીએ.

આજના વિશ્વમાં શિક્ષણ ખૂબ વ્યાપક છે આપણે પણ તેને આપનાવવું પડશે. વિદ્યાર્થીની રૂચી મુજબ, અનુકૂળતા મુજબ ઉતમ ઈન્ટરનેટથીઆપી શકાય તેમ છે. સરકાર કે સમાજ અથવા પછી વ્યકિતગત જે રીતે ઈન્ટરનેટથી શિક્ષણનો ફેલાવો કરવાનો સમય છે. શહેરી અને ગ્રામણી ભારતનો ભેદ મિટાવવો એ ઈન્ટરનેટથી શકાય અને સરળ છે. અપાર સાહિત્ય અને નવીન ટેક્નોલોજીથી શિક્ષણ માત્ર ઈન્ટરનેટથી જ શકય અને છે. રાત્રે બે વાગ્યે કોઈ પણ પ્રકરણ મુજબનું નિષ્ણાતનું લેકચર માત્ર ઈન્ટરનેટથી જ પીરસી શકાય. આ માટે વિદ્યાર્થીઓને તેનો યોગ્ય ઉપયોગ કરવાની, દોરવણી આપવાની જરૂર છે. કારણ કે મોટા ભાગે દરેક પાસે આધુનિક યંત્રો તેમજ ઈન્ટરનેટનું જોડાણ હોય છે. જ્ઞાનરૂપી સાગર માંથી તેમની જરૂરીયાત મુજબનું શીખાવ્યા પછી તો તેવો પાંખ ફફડાવીને સમગ્ર આકાશને આંબી સકવા સમર્થ છે.

જેમ ઈ–કોમર્સનો વ્યાપ વધેલો છે. એમ ઓન લાઈન એજયુકેશનનો ઉપયોગ પણ વધ્યો છે અનેક વેબસાઈટ શોર્ટ ટર્મ કોર્સ ભણાવે છે. વિદેશની યુનિવર્સિટીઓના કોઈપણ લેકચરઓના લાઈન જોઈ, સમજી વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે છે,જે ઈન્ટનેટના માધ્યમથી જ શકાય છે. ઈન્ફોરમેશન ટેકનોલોજી અને ડીજીટલ યુગને ઘણા અભિશાપ માને છે, પણ જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તે માનવજાત માટે સૌથી મોટુ વરદાન બની શકે છે.

## ડિજીટલ દુનિયાના સથવારે

ઈન્ફોર્મેશન ટેકનોલોજી લગતી તથા તે શીખવા માટે ઘણી ઉપયોગી છે તેવી વેબસાઈટ જે નીચે મુજબ છે.



https://www.tutorialspoint.com/index.htm
https://www.w3schools.com
https://www.javatpoint.com
https://stackoverflow.com
https://www.techopedia.com

– શ્રી પરેશભાઈ સવજાણી
પ્રિન્સીપાલ

# Commerce Corner

માનવી અમર્યાદિત જરૂરીયાતો ધરાવે છે તદઉપરાંત માનવી પોતાને જોતી વસ્તુઓ મેળવી શકતો નથી માટે વસ્તુઓ તથા સેવાઓની આપ લે કરતો થયો ઘણા વર્ષો પહેલા માનવી પોતાની વસ્તુ પાસે હોય તે વસ્તુઓ કે સેવાઓ બીજાને આપી અને પોતાને જોતી વસ્તુઓ મેળવતો હતો અને સંતોષ માનવાનો પ્રયાસ કરતો હતો આ પ્રથાને વિનીમય પ્રથા તરીકે ઓળખવામાં આવે છે. સાટા પ્રથા અથવા વિનીમય પ્રથાના વર્ષોમાં ખેતી પર નિર્ભર અને સરળ જીવન હતુ. એટલા માટે જીવન જરૂરીયાતની વસ્તુઓમાં મુશ્કેલી પડતી ન હતી. સહેલાઈથી વ્હવહારો સાધી શકાતા હતા. પરંતુ જેમ જેમ વર્ષો પસાર થતા ગયા તેમતેમ સુધારો અને પરીવર્તન સાથે વસ્તીમાં વધારો થતો ગયોતેની સાથે જરૂરીયાતો પણ વધતી ગઈ તેની સામે વિનીમય પ્રથામાં આપલે થતી વસ્તુઓ અને સેવાોઓમાં મુશ્કેલી પડવા લાગી વિનીમય પ્રથામાં પડકાર જન્ય પ્રશ્નો હતા કે જે વસ્તુના ભાગ ન થઈ શકે, જે વસ્તુનું મુલ્ય વધારે હોય તેની સામે ઓછા મુલ્ય વાળી વસ્તુની લેવડ દેવડ થતી હોય તો તે વસ્તુઓની આપ લે કેમ કરી શકાય ?

ત્યારબાદ આવી મર્યાદાઓને કારણે નાણું અસ્તિવમાં આવ્યું આમ સૌ પ્રથમ વસ્તુ નાણું, પશુ નાણું, ધાતુ નાણું, કાગદી નાણું, પ્લાસ્ટીક નાણું અને હાલના સમયમાં પ્લાસ્ટીક નાણાનો ઉદભવ થયો છે. ઇ બેંકીંગ દ્વારા વેપાર અને સહાયક સેવાઓમાં વધારો થવા પામ્યો છે બેંકીંગની વિવિધ સુવિધાઓનું ચલણ વધતા ઓનલાઈન વ્હવહારો દિનપ્રતિદિન વધતા જાય છે વસ્તુની ખરીદ વેચાણ ચુકવણી ઓર્ડર વિગેરે ઓનલાઈન જ થતા જાય છે. આમ કોમર્સની સફર વિનીમય પ્રથાથી ઓનલાઈન બેકીંગ ક્ષેત્ર સુધી વિસ્તરી છે ભવિષ્યમાં પણ વિવિધ પેહલુઓથી આગળ વધતી જ રહેશે.

## ડિજીટલ દુનિયાના સથવારે

કોમર્સ લગતી તથા તે શીખવા માટે ઘણી ઉપયોગી છે તેવી વેબસાઈટ જે નીચે મુજબ છે.

http://www.icai.org
http://www.icsi.edu
http://www.icmi.in
http://www.swayam.gov.in




– શ્રી વિરલ ચાવડા
આસી. પ્રો. કોમર્સ

# કોલેજની મુખ્ય પ્રવૃત્તિઓ...(૦૧)



## ગુરૂપૂર્ણિમાની ઉજવણી

ગુરૂપૂર્ણિમા અષાઢ મહિનાની પૂનમના દિવસે ઉજવાય છે. મહાભારતના રચીયિતા સંત વેદ વ્યાસનો જન્મ આ દિવસે થયો હોવાથી તેમના સન્માનમાં આ દિવસની ઉજવણી કરાય છે.હિન્દુ ધર્મનો આ તહેવાર ખૂબ સરસ રીતે ઉજવાય છે. વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય અને ગુરૂનું સ્થાન માનવના જીવનમાં કેટલું છે તે સમજાવવાનો સુંદર અવસર છે. ગુરૂ એ જ અંધકાર માંથી પ્રકાશ તરફ દોરી જનાર છે.



## રામેશ્વર દર્શન

હિન્દુ ધર્મમાં શ્રાવણ માસનો ખૂબ જ મહિમા રહેલો છે.આ માસમાં લોકો શિવની ભકિત કરી ધન્યતા અનુભવે છે. શિવજીની ૧૨ જયોતિર્લિંગ એક અદભૂત અને પવિત્રતા ધરાવતી પ્રતિમા છે. તેમાથી એક જયોતિર્લિંગ એટલે " રામેશ્વર". રામેશ્વર મહાદેવ મંદિરનું સ્થાપન ભગવાનશ્રી રામ દ્વારા કરવામાં આવેલું હતું. વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ ખાતે ખુબજ ભાવથી રામેશ્વર દર્શનનું આયોજન



## ગણેશપર્વની ઉજવણી

હિન્દુ ધર્મમાં ગણેશ પર્વનું ખુબજ મહત્વ રહયું છે. આ પર્વ ભાદરવા સુદ ચતુર્થી થી ઉજવવામાં આવે છે. કોલેજ દ્વારા ઘણા વર્ષોથી વિધ્નહર્તા શ્રી ગણેશજીનો પાંચ દિવસ સુધી સ્થાપના કરી તેને એક ઉત્સવની જેમ ઉજવવામાં આવે છે. જેમાં કોલેજના દરેક અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ દ્વારા પાંચ દિવસ સુધી વિવિધ શણગાર – સુશોભન કરી ભાવપૂજા અર્પણ કરે છે.



## શિક્ષક દિન

તા. ૫ મી સપ્ટેમ્બર કે જે ભારતના દ્વિતિય રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિન છે. તેઓ એક મહાન ફિલોસોફર અને મહાન શિક્ષક હતા. તેમના સન્માનમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બર ના રોજ **''શિક્ષક દિન''** ની ઉજવણી કરવામાં આવે છે. અમારી કોલેજમાં પણ દર વર્ષે શિક્ષક દિનની ખૂબ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લઈ શિક્ષકની ભૂમિકા ભજવે છે અને શૈક્ષણિક કાર્ય કરાવી એક આદર્શ શિક્ષક કેવો હોવો જોઈએ તેનું જ્ઞાન મેળવે છે અને શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી શું છે તેની સમજ પણ મેળવે છે.

# કોલેજની મુખ્ય પ્રવૃત્તિઓ...(૦૨)




## વૃક્ષારોપણ

આજના દિવસોમાં પ્રદૂષણનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે, તેની વિપરીત અસર સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. આ સમસ્યાનો ઉપાય આપણે પ્રકૃતિની જાળવણી દ્વારા કરી શકીએ. આ જ ઉતમ કાર્ય માટે કોલેજના વિદ્યાર્થીઓએ પોતાની જવાબદારી સમજી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. વૃક્ષો વાવી અને તેનું જતન કરવું તે આપણી નૈતિક જવાબદારી છે, તેવું વિદ્યાર્થીઓએ સ્વજ્ઞાન મેળવી આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડયો હતો.



## સ્વચ્છ ભારત અભિયાન

**''સ્વચ્છતા ત્યાં પ્રભુતા''** આ સૂત્રને સાર્થક કરવા માટે કોલેજના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન ઉજવેલ જેમા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. આ અભિયાન ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ જેની શરૂઆત મહાત્મા ગાંધીની ૧૪૫મી જન્મજયંતી એટલે કે ૨જી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે કરવામાં આવી હતી. અભિયાનમાં ટ્રસ્ટીઓથી લઈને વિદ્યાર્થીઓ સુધી તમામ લોકો જોડાયા હતા અને કોલેજ ની આસપાસના વિસ્તારોની સફાઈ કરી હતી અને આ ઉપરાંત સફાઈ અંગે જાગૃતતા આવે તે હેતુ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કોલેજ કક્ષાએ તથા આસપાસના વિસ્તારોમાં કર્યા હતા.



## ક્રિકેટ ટુર્નામેંટ

કોલેજ વિદ્યાર્થીઓના વિકાસ માટે સતત શિક્ષણલક્ષી તેમજ બિનશૈક્ષણીક પ્રવૃતિઓ કરવામાં અગ્રેસર સ્થાન ધરાવે છે. જે અનુસંધાને કોલેજ દ્વારા "ઈન્ટર કલાસ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૯" નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ કે જેઓ ક્રિકેટમાં રસ ધરાવતા હોય,તેઓએ કુલ ૧૮ ટીમ બનાવીને ખૂબ ઉત્સાહપૂર્વક અને આનંદથી ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ અંતર્ગત લીગ મેચ, કવાટર ફાઈનલ, સેમી ફાઈનલ અને ફાઈનલ મેચ રમાયેલ હતી. ટુર્નામેન્ટ પૂર્ણ થયા બાદ કોલેજના પટાંગણમાં વિજેતા ટીમ, રનર અપ ટીમને ટ્રોફી આપવામાં આવી હતી અને બેસ્ટ બોલર, બેસ્ટ બેટસમેન અને મેન ઓફ ધ ટુર્નામેન્ટ બનેલા ખેલાડીઓને શિલ્ડ તથા ઈનામોથી સન્માનીત કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.




## થેલેસેમિયા ટેસ્ટ અને બ્લડ ડોનેશન કેમ્પ

શ્રી વી.જે. મોઢા કોલેજ અને રોટરી ક્લબ, પોરબંદરના સંયુક્ત પ્રયાસથી થેલેસેમિયા ટેસ્ટ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં સરકારશ્રીની સુચના અનુસાર તમામ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવેલ. આ ઉપરાંત પોરબંદર જીલ્લામાં થેલેસેમિયા પીડીત બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ સામાજિક જવાબદારી પોતાના જીવનમાં ઉતારતા હોય તેમ ખૂબ જ ઉત્સાહપૂર્વક રક્તદાન કરેલ. આ એકત્ર કરેલ રક્ત આશા બ્લડ બેન્કમાં આપવામાં આવેલ.

# પ્રવૃત્તારોહણ

**વિશ્વ યોગ દિવસ** તા. ૨૧-૦૬-૨૦૧૯

૨૧મી જુન વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા આયોજીતઅને શ્રી વિ.જે.મોઢા કોલેજ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ સ્થળ એવા કિર્તિમંદિર ખાતે કરવામાં આવેલ.

**વિશ્વ આંકડાકિય દિવસ** તા. ૦૧-૦૭-૨૦૧૯

ભારતના વૈજ્ઞાનિક અને સાંખ્યિકીવિદ પ્રશાંતચંદ્ર મહાલનોબિસના જન્મદિવસને દેશભરમાં સાંખ્યિકી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.ભારતના પ્રો.પ્રશાંતચંદ્ર મહાલનોબિસ એ આર્થિક આયોજન તથા આકડાકીય વિકાસ સંદર્ભ આપેલ અમૂલ્ય યોગદાનની યાદમાં આ દિવસને ઉજવવામાં આવે છે.

**ગુરૂપૂર્ણિમાની ઉજવણી** તા. ૧૬-૦૭-૨૦૧૯

ગુરૂપૂર્ણિમાની ઉજવણી અષાઢ મહિનાની પૂનમના દિવસે કરવામાં આવે છે. આ દિવસે વિદ્યાર્થીઓ તેમના ગુરૂઓનો આશિર્વાદ પ્રાપ્ત કરી અને ગુરૂનો મહિમા જાણ્યો

**સ્વતંત્રતા દિવસ** તા. ૧૫-૦૮-૨૦૧૯

સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમો કરી અને આ દિવસને ખૂબ જ ઉત્સાહપૂવક ઉજવવામાં આવ્યો.

**ઉદ્યોગસાહસિક તાલીમ** તા. ૧૪-૦૯-૨૦૧૯

નવા ઉદ્યોગસાહસિકો માટે ૧૫ દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું જે ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાના ભાવનગર રીઝનલ કચેરી (ડી.ઈ.સી) ના સયુક્ત પ્રયાસે કર્યો હતો.

**વિદેશ અભ્યાસ માટેની તાલીમ** તા. ૨૯-૧૧-૨૦૧૯

કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ માટે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, જેમા વિદ્યાર્થીઓએ વિદેશમાં અભ્યાસ કરવા અંગેની માહિતી મેળવી હતી.

**GST વર્કશોપ** તા. ૦૧-૧૨-૨૦૧૯

“State Bank of India - RSETI” દ્વારા એક વર્કશશોપનું આયોજન કરવામાં આવ્યું કે જેમા GST અંગેનું જ્ઞાન આપવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓને GST વિષયક માહિતગાર કરવામાં આવ્યા.

**Going Digital Seminar** તા. ૧૬-૧૨-૨૦૧૯

RBI અને SBI દ્વારા Going Digital સેમિનાર નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં ડિજિટલ ટ્રાન્જેકશન વિશે, ATM ના વિવિધ ઉપયોગો અને Secured Cashless Transaction વિશે માહિતી આપવામાં આવી હતી.

**Placement for IT students** તા. ૧૭-૧૨-૨૦૧૯

વિદ્યાર્થીઓને સારી નોકરીની તક કોલેજના કેમ્પસમાંજ મળી રહે તે હેતુ થી IT કંપની દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે નોકરીની તકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પ્રવૃત્તારોહણ

## રોજગાર નોંધણી આયોજન
તા. ૨૩-૧૨-૨૦૧૯

સરકારશ્રી દ્વારા વિવિધ રોજગારી હેતુ અંતર્ગત 'જિલ્લા રોજગાર વિનિમય કચેરી' પોરબંદર દ્વારા રોજગાર નોંધણી તથા માર્ગદર્શન કેમ્પનું આયોજન કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી
તા. ૨૪-૧૨-૨૦૧૯

" રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન"ની ઉજવણી કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને ગ્રાહક અધિકાર હકકો, જવાબદારીઓ તેમજ આની જાગૃતતા અંગેની માહિતી આપવામાં આવી.

## નાતાલની અલગ રીતે ઉજવણી
તા. ૨૫-૧૨-૨૦૧૯

કોલેજના વિદ્યાર્થીઓએ નાતાલની ઉજવણીના ભાગ રૂપે શિશુકુંજની મુલાકાત લઈ અને ત્યાં રહેલા દિવ્યાંગ બાળકો સાથે વિવિધ રમતો રમી અને તેઓને નાસ્તો કરાવી અને નાતાલની અલગરીતે ઉજવણી કરાવી.

## સ્ટેટ ઈન્સ્ટિટયુટ ઓફ હોટેલ મેનેજમેંટ સેમિનારનું આયોજન
તા. ૨૬-૧૨-૨૦૧૯

કોલેજના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી અને જોબની તક અંગે ટુરિજમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અંતર્ગત સ્ટેટ ઇન્સ્ટિટયુટ ઓફ હોટેલ મેનેજમેંટ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

## બાલાજી વેફેર્સ કંપની ની મુલાકાત
તા. ૨૭-૧૨-૨૦૧૯

વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ માં થીયરી વિષયો અને પ્રકિટકલ વિષયનું ખૂબ જ મહત્વ હોય છે. જે સંદર્ભએ હર વર્ષની જેમ મેનેજમેંટ અને કોમર્સના વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગિક મુલાકાત બાલાજી વેફેર્સ ખાતે કરવામાં આવી હતી.

## નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ
તા. ૦૩-૦૧-૨૦૨૦

નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત શ્રી સહજાનંદ જિલ્લા લોકકેન્દ્ર પોરબંદર અને ભાવસિહજી હોસ્પિટલ પોરબંદર દ્વારા તણાવ ભર્યા માહોલમાં વિદ્યાર્થીઓને માનસિક તણાવ અને તેના કારણે થતી હતાશામાથી બહાર નીકરવા વિષે માહિતી આપવામાં આવી.

## ISRO તથા સાયન્સ સીટી અમદાવાદ ખાતે મુલાકાત
તા. ૦૫-૦૧-૨૦૨૦

કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થાય તેવા હેતુથી અમદાવાદ ખાતે ભારતની વિશ્વ વિખ્યાત ISRO તથા સાયન્સ સીટીના પ્રવાસનું આયોજન કરેલ હતું.

## વનવિભાગ દ્વારા સંચાલિત ટ્રેકિંગ કેમ્પનું આયોજન
તા. ૧૭-૦૧-૨૦૨૦

કોલેજના વિદ્યાર્થી માટે જુનાગઢ સ્થિત નર્સરી કેમ્પ કે જે વનવિભાગ દ્વારા સંચાલિત છે. ત્યાં વિદ્યાર્થીઓ માટે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રજાસતાક દિનની ઉજવણી
તા. ૨૬-૦૧-૨૦૨૦

કોલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતના રંગે રંગાયેલા વિવિધ કાર્યક્રમો કર્યા અને આ દિવસની ખૂબ જ ઉત્સાહપૂવક ઉજવણી કરવામાં આવી.

